# UNIT-3.રોકડ પ્રવાહ પત્રક [CASH FLOW STATEMENT]

- PROF.DHARMENDRA.A.PATEL

**[1] અર્થ-** વર્ષ દરમિયાન રોકડ ખાતાના સારાંસ રૂપે ચોક્કસ સાધનોમાંથી કેટલી રોકડ આવકો થઇ અને ચોક્કસ સાધનો પાછળ કેટલી રોકડ જાવકો થઇ તે દર્શાવતા પત્રકને રોકડ પ્રવાહ પત્રક કહે છે.

હિસાબી ધોરણ-3(AS-3)મુજબ રોકડ પ્રવાહને નીચે મુજબ ત્રણ ભગમાં વહેંચીને દર્શાવાય છે.

**(અ) ધંધાની કામગીરીમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ** -ધંધાની મુખ્ય કામગીરી જેવીકે માલનું ખરીદ-વેચાણ કે ઉત્પાદન-વેચાણથી પ્રાપ્ત થતા રોકડ નફાથી તથા કાર્યશીલમૂડીમાં ફેરફારથી પ્રાપ્ત થતા રોકડ પ્રવાહને કામગીરીમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ કહે છે.

રોકડ નફો શોધવા માટે નફા-નુકસાન ખાતા મુજબના ચોખ્ખા નફામાં બિન રોકડ ખર્ચા જેવાકે ઘસારો,અનામત ખાતે ફાળવણી,કરવેરાની જોગવાઇ વગેરે તથા બિન વેપારી પ્રવૃત્તિનું નુકસાન જેવુકે મિલકત વેચતા નુકસાન વગેરે ઉમેરવામાં આવે છે.જ્યારે બિન વેપારી પ્રવૃત્તિનો નફો જેવોકે મિલકત વેચતા નફો બાદ થાય છે.

કાર્યશીલમૂડીમાં ફેરફાર શોધવા માટે ચાલુ મિલકતમાં તથા ચાલુ દેવામાં થયેલ વધારો કે ઘટાડો ધ્યાનમાં લેવાય છે.

ચાલુ મિલકત અને રોકડ વચ્ચે વિરૂધ્ધ સંબધ છે, અર્થાત ચાલુ મિલકત વધેતો રોકડ ઘટે છે અને ચાલુ મિલકત ઘટેતો રોકડ વધે છે.

ચાલુ દેવા અને રોકડ વચ્ચે સીધો સંબધ છે, અર્થાત ચાલુ દેવા વધેતો રોકડ વધે છે અને ચાલુ દેવા ઘટેતો રોકડ પણ ઘટે છે.

Prof.Dharmendra A Patel: N F Patel Commerce College, Naroda

## ➢કામગીરીમાંથી ઉદભવતા રોકડ પ્રવાહની નીચે મુજબ દર્શાવાય છે.

| વિગત | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|
| નફા-નુકસાન ખાતા મુજબ ચોખ્ખો નફો → | ............ | |
| **<u>ઉમેરો-બિન રોકડ હવાલા તથા બિન ધંધાકીય નુકસાન -</u>** | ............ | |
| માંડી વાળેલ ઘસારો | ............. | |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા | ............ | |
| માંડી વાળેલ પાઘડી | ............. | |
| માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો | ............ | |
| સામાન્ય અનામત કે અન્ય અનામત ખાતે ફાળવણી | .............. | |
| ઘાલ ખાધ અનામત | ............. | |
| કરવેરાની જોગવાઇ | ............. | |
| ડિવિડન્ડની જોગવાઇ | ............. | |
| મિલકત વેચાણની ખોટ | .............. | |
| રોકાણો વેચાણની ખોટ | ............. | |
| બાદ-બિન ધંધાકીય નફો | ............ | |
| મિલકત કે રોકાણો વેચતા કે બિન ધંધાકીય નફો | ............ | |
| **<u>કાર્યશીલમૂડીમાં ફેરફાર-</u>** | ............ | |
| ઉમેરો-ચાલુ મિલકતોમાં ઘટાડો | ............ | |
| ચાલુ દેવામાં વધારો | ........... | |
| બાદ- | ........... | |
| ચાલુ મિલકતોમાં વધારો | ........... | |
| ચાલુ દેવામાં ઘટાડો | ........... | |
| કામગીરીમાંથી કુલ રોકડ પ્રવાહ → | ........... | |
| બાદ-કરવેરા ચૂકવ્યા..... | | ............ |
| કામગીરીમાંથી ચોખ્ખો રોકડ પ્રવાહ→ | | |

Prof. Dharmendra A Patel: N P Patel Commerce College, Naroda

## (બ) રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ-

કાયમી મિલકતો તથા રોકાણોના ખરીદ વેચાણને કારણે પ્રાપ્ત થતા રોકડ પ્રવાહને રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ કહે છે.

| ➢ રોકાણ પ્રવૃત્તિમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ નીચે મુજબ દર્શાવાય છે. | | |
|---|---|---|
| વિગત | રકમ ₹ | રકમ ₹ |
| પ્લાન્ટ અને યંત્રોનું વેચાણ......<br>પ્લાન્ટ અને યંત્રોની ખરીદી.....<br>રોકાણોનું વેચાણ....<br>રોકાણોની ખરીદી....<br>જમીન-મકાનનું વેચાણ....<br>જમીન-મકાનની ખરીદી... | +...........<br>_(...........)<br>+...........<br>_(...........)<br>+...........<br>_(...........) | .................... |

## (ક)નાંણાકીય પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ-

મૂડી માળખાને લગતા વ્યવહારો જેવાકે ઇ.શેર મૂડી,પ્રેફ.શેર મૂડી,ડિબેંચર,લાંબાગાળાના દેવા વગેરેમાં ફેરફાર થવાથી ઉદભવતા રોકડ પ્રવાહને નાંણાકીય પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ કહે છે.

| ➢ નાંણાકીય પ્રવૃત્તિમાંથી ઉદભવતો રોકડ પ્રવાહ નીચે મુજબ દર્શાવાય છે | | |
|---|---|---|
| વિગત | રકમ ₹ | રકમ ₹ |
| ઇક્વિટી શેર બહાર પાડ્યા...<br>પ્રેફરન્સ શેર બહાર પાડ્યા....<br>પ્રેફરન્સ શેર પરત કર્યા...<br>ડિબેંચર બહાર પાડ્યા...<br>ડિબેંચર પરત કર્યા....<br>ડિવિડન્ડ ચૂકવ્યું... | +...........<br>+...........<br>-(...........)<br>+...........<br>-(...........)<br>-(...........) | ............... |

Prof.Dharmendra N Patel N P Patel Commerce College, Naroda

| ➢ હિસાબી ધોરણ-3 [AS-3]મુજબ રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો. | | |
|---|---|---|
| વિગત | રકમ ₹ | રકમ ₹ |
| (અ)કામગીરીમાંથી રોકડ પ્રવાહ…… | | ……… |
| (બ)રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ…… | | ……… |
| (ક)નાંણાકીય પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ…… | | ………. |
| કુલ ચોખ્ખો રોકડ પ્રવાહ……→ | | ……… |
| ઉમેરો-શરૂની રોકડ / બેંક સિલક…… | | +……… |
| આખરની રોકડ અને બેંક સિલક…..→ | | ………. |

Prof Dharmendra A Patel, N P Patel Commerce College, Naroda

## [2]રોકડ પ્રવાહનો દાખલો ગણતી વખતે અનુસરવાનો ક્રમ-

(1) સૌ પ્રથમ હિસાબી ધોરણ-3[AS-3]મુજબનું રોકડ પ્રવાહ પત્રકના ખાના તૈયાર કરો.
(2) આપેલી વધારાની માહિતી કે હવાલાથી દાખલો ગણવાની શરૂઆત કરો.
(3) હવાલા સાથે સંકળાયેલા જરૂરી ખાતાં ખોલો તથા પાકા સરવૈયા પરથી તેની શરૂની અને આખરની બાકી યોગ્ય રીતે દર્શાવો.
(4) હવાલા સાથે સંકળાયેલા આર્થિક વ્યવહારો સમજીને તેની યોગ્ય અસર ખાતામાં આપો તથા રોકડ વ્યવહાર સંકળાલો હોયતો બીજી અસર રોકડ પ્રવાહ પત્રકમાં આપો.
(5) ખોલેલા ખાતા બંધ કરી કોઇ તફાવત ઉદભવે તો તે અંગે યોગ્ય અનુમાન કરી,તેની યોગ્ય અસર આપો.
(6) ઉપર મુજબ આપેલા તમામ હવાલા અંગે પ્રક્રિયા કરો.

(7) હવાલા પૂરા થાય પછી,પાકા સરવૈયામાં દર્શાવેલ ચાલુ દેવા અને ચાલુ મિલકતોની સરખામણી કરી તેમાં થયેલા વધારાકે ઘટાડાની યોગ્ય અસર કાર્યશીલમૂડીમાં ફેરફારનાં શીર્ષક હેઠળ દર્શાવો.

(8) છેવટે પાકા સરવૈયાની જે વિગતો અંગે હવાલો નથી તેવી વિગતોમાં થયેલા વધારો કે ઘટાડો શોધી તેની યોગ્ય અસર રોકડ પ્રવાહ પત્રકમાં આપો.

(9) રોકડ પ્રવાહ પત્રકના ત્રણેય શીર્ષકની રકમોના સરવાળા કરી ત્રણ રકમો શોધો તથા તેને બહારની કોલમમાં લઇ જઇ ત્રણેય મુખ્ય રકમોનો સરવાળો કરી તેમાં શરૂની રોકડ-બેંક સિલક ઉમેરવાથી આખરની રોકડ-બેંક સિલક મળી જવી જોઇએ.

## [3] રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગીતાઃ

1) રોકડનો વ્યવસ્થિત ઉપયોગ
2) આંકરીક નાણાં વ્યવસ્થા માટે ઉપયોગી
3) રોકડ આવક જાવકના વલણની માહિતી
4) અંકુશ માટે ઉપયોગી
5) વધુ નાણાં ઉભાં કરવામાં સરળતા

## [4] રોકડ પ્રવાહ પત્રકની મર્યાદાઓઃ

1) રોકડ સિલકનો ખ્યાલ આવે છે,પરંતુ તે ધંધાની સાચી પ્રવાહી પરિસ્થિતિ હંમેશા બતાવે એમ બનતું નથી
2) રોકડ પ્રવાહ પત્રક પરથી ધંધાની નફાકારકતાનો કોઇ ખ્યાલ આપી શકતું નથી.
3) રોકડ એ કાર્યશીલ મૂડીનો એક માત્ર ભાગ છે, તેનાથી ધંધાની કાર્યશીલ મૂડીનો ખ્યાલ મળતો નથી.કાર્યશીલ મૂડીનો ખ્યાલ મેળવવા માટે ભંડોળ પ્રવાહ પત્રક અલગથી બનાવવું પડે છે.
4) રોકડના આયોજન માટે તે ઉપયોગી હોવા છતાં તે ફક્ત ધંધાની ભૂતકાળની જ રોકડની માહિતી દર્શાવે છે, તેથી ભવિષ્યના આયોજનમાં તે સ્વતંત્ર રીતે ઉપયોગી નથી. તેને આધારે ભવિષ્યના આયોજન માટે અલગથી રોકડ અંદાજપત્ર બનાવવું પડે છે.

Prof Dharmendra A Patel: N P Patel Commerce College, Naroda

| વિગત | ₹ | ₹ |
| --- | --- | --- |
| ➢ (અ) કામગીરીમાંથી રોકડ પ્રવાહ | . | . |
| * વર્ષ દરમિયાન ચોખ્ખો નફો (220000 – 110000)→ | 110000 | . |
| ઉમેરો- બીનરોકડ હવાલા/બીન ધંધાકીય ખર્ચા | . | . |
| .સામાન્ય અનામતની જોગવાઇ | 160000 | . |
| .ડિબેંચર વટાવ માંડી વાળ્યો | 10000 | . |
| .જમીન-મકાન પર ઘસારો | 100000 | . |
| .યંત્રો પર ઘસોરો | 120000 | . |
| .કરવેરાની જોગવાઇ | 150000 | . |
| .ડિવિડન્ડની જાગવાઇ | 90000 | . |
| .પાઘડી માંડીવાળી | 75000 | . |
| બાદ- બીન ધંધાકીય આવકો | 815000 | . |
| -રોકાણો વેચતા નફો | (40000) | . |
| ➢ કાર્યશીલ મૂડીમાં ફેરફાર | +775000 | . |
| ઉમેરો-લેણદારોમાં વધારો | .+60000 | . |
| . દેવાદારોમાં ઘટાડો | +30000 | . |
| . | +865000 | . |
| .બાદ- દેવી હૂંડીમાં ઘટાડો | (30000) | . |
| સ્ટોકમાં વધારો | (70000) | . |
| લેણીહૂંડીમાં વધારો | (5000) | . |
| . | +760000 | . |
| | | |

Prof.Dharmendra A Patel: N P Patel Commerce College, Naroda

| | | |
|---|---|---|
| બાદ-કરવેરા ચૂકવ્યા | ( 110000) | +650000 |
| ➢ (બ) રોકાણ પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ | . | |
| જમીન-.મકાન ખરીદી | (240000) | |
| .યંત્ર ખરીદી | (370000) | |
| .રોકાણોનું વેચાણ | +160000 | (450000) |
| ➢ (ક) નાણાંકીય પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહ | | |
| પ્રેફરન્સ શેર છે.હપતો મળ્યો | +60000 | |
| પ્રે.શેર હોલ્ડરોને પરત | (330000) | |
| ડિબેંચર બહાર પાડ્યા | +190000 | |
| ડિવિડન્ડ ચૂકવ્યું | (60000) | (140000) |
| કુલ ચોખ્ખો રોકડ પ્રવાહ → | | 60000 |
| +શરૂની રોકડ સિલક→ | | +40000 |
| ➢ આખરની રોકડ સિલક→ | | 100000 |

Prof.Dharmendra A Patel. N.P Patel Commerce College, Naroda